# શ્રી ભગવાન મહાવીર સ્વામીનું શાસન

# ચાર ગતિ એ સવાલ - પાંચમી ગતિ એ જવાબ

■ ''સમકિતી અને મિથ્યાત્વીનું પ્રગટ લક્ષણ'' ■

**સમકિતી : સમકિતીની વાણી અને લખાણમાં વિરોધાભાસ રહિત**

**મિથ્યાત્વી : મિથ્યાત્વીની વાણી અને લખાણમાં પરસ્પર વિરોધાભાસ**

## જૈનો જાગો

**લેખાંક : ૪૭**

બાળજીવો અનંત ભવ ભ્રમણમાં ભટકતાં ભટકતાં અનેક કુળોમાં જન્મતાં - જન્મતાં, અનેક પ્રકારનાં ધર્મો કરતાં - કરતાં, અનેક પ્રકારનાં પુણ્યો બાંધતા - બાંધતાં અને ઘણાં અંશે કષાયોની મંદતા કરીને વર્તમાન ભવમાં સર્વ શ્રેષ્ઠ કુળ (જૈન કુળ), સર્વ દેવોમાં સર્વ શ્રેષ્ઠ ઈષ્ટ દેવ (શ્રી તીર્થંકર પરમાત્મા) અને સર્વ શ્રેષ્ઠ ધર્મ (શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને આપેલો અને સ્થપાવેલો) જૈન ધર્મ પ્રાપ્ત થયો. આવો પુર્ણ યોગ જીવોને અનંતા મનુષ્યપણાંનાં ભવોમાં ક્યારેક - ક્યારેક જ પ્રાપ્ત થાય છે. તો આવો અમુલ્ય અને અલભ્ય યોગથી જીવે શું પ્રાપ્ત કર્યું તેનો બાળજીવો વિચાર કરે, ભવ બંધનમાંથી મુક્તિ મળે તેવો ધર્મ કર્યો કે ભવ બંધનમાં બંધાઇએ તેવા ધર્મનાં નામે શુભ કાર્યો કર્યા ? **''પહેલા ધર્મ જાણવાનો છે કે ધર્મ કરવાનો છે?''** આખી જિંદગી ધર્મનાં નામે શુભ કાર્યો કર્યા, જેમ કે લાખો રૂપિયાનાં દાન કર્યા, વર્ષોનાં વર્ષો તપ (તપસ્યા) કરી. મોટા-મોટા સંઘ કાઢ્યા, મોટા-મોટા

### સત્સંગ *

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | જે | જીવ | જાણે | ભવને | રોગ, |
| | તે | જીવ | માગે | સદ્‌ગુરૂ | જોગ, |
| | જે | જીવ | માગે | ભવમાં | ભોગ, |
| | તે | જીવ | પામે | કુગુરૂ | યોગ, |
| ૨. | જે | જીવ | જાણે | દેહનું | દુઃખ, |
| | તે | જીવ | માગે | મોક્ષનું | સુખ, |
| | જે | જીવ | માગે | દેવનું | સુખ, |
| | તે | જીવ | પામે | પુણ્યનું | દુઃખ. |
| ૩. | જે | જીવ | જાણે | કર્મનું | જ્ઞાન, |
| | તે | જીવ | પામે | ધર્મનું | ધ્યાન, |
| | જે | જીવ | જાણે | સદ્‌ગુરૂ | જ્ઞાન, |
| | તે | જીવ | પામે | ભવનું | ભાન. |
| ૪. | જે | જીવ | કાપે | માનનું | સ્થાન, |
| | તે | જીવ | પામે | સદ્‌ગુરૂ | સ્થાન, |
| | જે | જીવ | કાપે | કર્મનું | સ્થાન, |
| | તે | જીવ | પામે | મુક્તિનું | સ્થાન. |

ત્યાગ ધારણ કર્યા. આ બધું કર્યા પછી મોક્ષમાર્ગમાં જીવ ક્યાં ? તેનો વિચાર કર્યો ? વર્ષો સુધી વ્યાખ્યાન સાંભળ્યા અને ધર્મ કર્યો પણ મોક્ષમાર્ગ શું છે ? મોક્ષમાર્ગમાં ચાલતાં સાધક-આરાધકોની આત્મસ્થિતી શું છે ? શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલા ધર્મમાંથી જીવે શું કર્યું તેની ખબર છે ? મોક્ષમાર્ગ જીવને ક્યાંથી શરૂ થાય અને પૂર્ણતા ક્યાં થાય તેની જાણકારી મેળવી ? જીવ વ્યવહારથી સમજણો થયો ત્યારથી અત્યારે વ્યવહારથી જે કાંઈ વય હોય તે વય સુધીમાં કયા ગુણો પ્રગટ્યાં, અને જે કષાયો હતાં તેમાં મંદતા આવી કે વધારો થયો તેનું અવલોકન કર્યું ? સર્વ શ્રેષ્ઠ કુળ, સર્વ શ્રેષ્ઠ ધર્મ અને સર્વ શ્રેષ્ઠ સાધુ સંસ્થાનો ત્રિવેણી યોગ હોય ત્યાં બાળજીવોનું જીવન સુખ, શાંતિ અને આનંદથી ભરેલું હોય અને જીવ સરળતાથી મોક્ષમાર્ગની (આત્મધર્મની) આરાધના કરતા હોય અને જો જીવનમાં એક દિવસ પણ શાંતિથી વિતાવી શકાતો ન હોય (દેહની પિડા, કૌટુંબિક ચિંતા કે અર્થની ઉપાધીમાં) તો વિચારવું કે શ્રી પરમાત્માએ આપેલા ધર્મથી જીવ ઘણો જ દુર છે. જીવોને કર્મ ભારે હોય તો થોડા જીવો દુઃખમાં હોય પણ કાંઈ સમાજનાં મોટાભાગનાં જીવો દુઃખી ન હોય (વિચારોથી). અને કર્મો પ્રતિકુળતાઓ સર્જે છે. જીવને દુઃખ નથી આપી શકતાં ( દુઃખ તો જીવોએ સ્થાપલી દ્રષ્ટિનું ફળ છે.) અને દ્રષ્ટિમાં શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલાં ધર્મનું (તત્વોનું) સ્થાપન એટલું દુઃખ ઓછું અને જેટલો જીવ તત્વોથી (શ્રધ્ધા સ્વરૂપે) દુર એટલો જીવ દુઃખી તો આપણે સુખ-દુઃખની સમજણ જાણી હવે આપણે એ જાણવાનું અને સમજવાનું છે કે બાળજીવોને ધર્મ મળ્યો નથી ? કે મળ્યા છતાં સ્વીકાર્યો નથી ? બાળજીવોને જો શ્રી પરમાત્માનો ધર્મ મળ્યો ન હોય તો તે બાળજીવોનું દુર્ભાગ્ય ગણાય અને મળ્યાં છતાં આરાધ્યો ન હોય તો તે બાળજીવોની મુઢતા ગણાય. તો બાળજીવો દુર્ભાગી કે મુઢતાવાળા તેનો વિચાર બાળજીવો

### ■ આત્મસાર ■

૧. **જ્ઞાની પુરૂષોએ ધર્મ કરવો તેને ધર્મ નથી કહ્યો, ''પણ''**
**જે કરવાથી ધર્મ ધારણ થાય તેને ધર્મ કહ્યો છે.**

૨. **જ્ઞાની પુરૂષોએ ગમે તેવી શ્રેષ્ઠવાણી કે લખાણને જ્ઞાન નથી કહ્યું,''પણ''**
**જેમાંથી શાસ્ત્રોનો સાર નીકળે તેને જ્ઞાન કહ્યું છે.**

૩. **જ્ઞાની પુરૂષોએ પુણ્યલક્ષી ધર્મને મોક્ષમાર્ગ નથી કહ્યો, ''પણ''**
**આત્મધર્મને મોક્ષમાર્ગ કહ્યો છે.**

૪. **જ્ઞાની પુરૂષોએ શુભ-અશુભનાં ફળને મોક્ષનું ફળ નથી કહ્યું, ''પણ''**
**શુધ્ધતાનાં ફળને મોક્ષ કહ્યો છે.**

૫. **જ્ઞાની પુરૂષોએ વૈરાગ્ય રહિતનાં ત્યાગને મોક્ષનું કારણ નથી કહ્યું, ''પણ''**
**વૈરાગ્ય સહિતનાં જીવનને મોક્ષનું કારણ કહ્યું છે.**

૬. **જ્ઞાની પુરૂષોએ બાળજીવોને ભાવિ ભવોમાં શ્રી પરમાત્માની નિશ્રામાં જવા માટે પુણ્યનું કારણ નથી ગણ્યું, ''પણ''**
**ગુણોની પ્રગટ્તા-કષાયોની મંદતા અને જ્ઞાનની આરાધનાંને મુખ્ય કારણ કહ્યું છે.**

૭. **જ્ઞાની પુરૂષોએ પુણ્યલક્ષી ધર્મને ધર્મ નથી કહ્યો, ''પણ''**
**બાર દોષોનાં ક્ષયને આત્મધર્મ કહ્યો છે.**

૮. **જ્ઞાની પુરૂષોએ શુભ (ચાર ગતિનો) ધર્મ આપે તેને જ્ઞાની (સદ્‌ગુરૂ) નથી કહ્યાં, ''પણ''**
**જે પાંચમી મોક્ષ ગતિ જણાવે-સમજાવે અને તેમાં ચલાવે તેને સદ્‌ગુરૂ કહ્યાં છે.**

કરે અને જો બાળજીવોને દુર્ભાગીપણું કે મુઢતાપણું ટાળીને સદ્‌ભાગી પણું પ્રાપ્ત કરવું હોય અને જૈનકુળ અને ધર્મનું સફળપણું પ્રાપ્ત કરવું હોય તો ધર્મ સબંધી જિજ્ઞાસાવૃત્તિ (સત્યની ઝુરણાં) કેળવીને શ્રી ધર્માચાર્યો પાસે જઈને પૂર્ણ આદરભાવે, નમ્રતા સહિત અને નિર્ભયતાપૂર્વક મોક્ષમાર્ગી સવાલો પૂછવા જોઈએ અને તેનાં જવાબો શાસ્ત્રો આધારીત મેળવવા જોઈએ અને તે જવાબોને અનુસાર શ્રી ધર્માચાર્યોની નિશ્રામાં આત્મધર્મ આરાધવો જોઈએ અને તે આરાધનાનાં ફળ સ્વરૂપે ઓછામાં ઓછું ભાવે માર્ગાનુસારીપણું પ્રાપ્ત કરવું જોઈએ કે જેથી થોડા ભવોમાં મોક્ષાર્થીપણું પ્રાપ્ત થાય અને અનંત ભવોમાંથી અલ્પ ભવોમાં આવી શકાય. ''સવાલ અને જવાબમાં'' આત્મધર્મ જાણવામાં, માનવામાં, આરાધવામાં અને પામવામાં શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનને માથે રાખીને તેમણે આપેલા ધર્મને જ માન્ય કરવો તેમનાં નામે અન્ય પ્રકારનો ધર્મ આપવો અથવા કરવો તે શ્રી તીર્થંકર પરમાત્માની વિરાધનાં ગણાય અને વિરાધનાનાં ફળ સ્વરૂપે જ જીવો દુઃખી દુઃખી થાય છે. જાણ્યાં પછી કદાચ બાળજીવોની પ્રતિકુળતાનાં કારણે આરાધી ન શકાય તો તેનો દોષ (વિરાધનાં) ન ગણાય પણ ન જાણવો તે પરમાત્માની વિરાધનાં ગણાય. (શ્રી પરમાત્માનાં નામે અન્ય પ્રકારનો ધર્મ કરવો તેજ વિરાધનાં) અને જો બાળજીવો શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલા ધર્મને શ્રધ્ધા સહિત માન્ય કરે અને તેજ

### * સત્સંગનું ફળ *

**સ્વચ્છંદે કરેલી સાધનાં,**
**સ્વચ્છંદે કરેલી આરાધનાં,**
**સ્વચ્છંદે કરેલી ભક્તિ,**
**સ્વચ્છંદે માનેલી મુક્તિ,**
**સ્વચ્છંદે કરેલી ક્રિયાઓ,**
**સ્વચ્છંદે કરેલી તપસ્યાઓ,**
**સ્વચ્છંદે કરેલા ધર્મ, ધ્યાન અને ત્યાગ**
**''એ''**
**ચાર ગતિનાં ભવ-ભ્રમણનું કારણ ગણાય.**
**''અને''**
**સદ્‌ગુરૂનાં આશ્રયે (આશ્રીત ભાવે) ગુજારેલું જીવન એ ભવ-મુક્તિનું કારણ ગણાય.**

ધર્મ સાચો છે (નિશ્ચયધર્મ) તેવી ભાવના ભાવે તો પણ ભાવિ ભવોમાં મોક્ષમાર્ગ પામવાનું અને આરાધવાનું કારણ બને.

આગળનાં લેખાંકોમાં આપણે નિશ્ચયબોધનું સ્વરૂપ તેનાં લક્ષણો અને ગુણોની વિચારણા કરી હતી, માટે વિશેષ વિચારણા કરી નથી, ભાવિ લેખાંકમાં યોગે કરીને વિચારશું. હવે આપણે મોક્ષમાર્ગને લગતાં સવાલોની વિચારણાં કરીએ.

૧. ધર્મ એટલે શું (મોક્ષમાર્ગ શું છે) અને મોક્ષમાર્ગમાં કયા બોધથી ચલાય, ઉપદેશબોધથી કે નિશ્ચયબોધથી ?
૨. શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલો જે બોધ છે તે ઉપદેશબોધ કે નિશ્ચયબોધ ?
૩. શાસ્ત્રોમાં જે બોધ વર્ણવ્યો છે તે ઉપદેશબોધ કે નિશ્ચયબોધ ?
૪. દેશ-કાળ પ્રમાણે ફેરફાર થાય તે ઉપદેશબોધમાં કે નિશ્ચયબોધમાં ?
૫. ચાર ગતિનું ભવ ભ્રમણ ઉપદેશબોધથી થાય કે નિશ્ચયબોધથી ?
૬. ઉપદેશબોધ જીવે નિગોદમાંથી નિકળીને એક ભવ આરાધવાનો હોય કે ભવોભવ આરાધવાનો હોય?
૭. નિશ્ચયબોધની આરાધનાંથી મોક્ષ મળે કે ઉપદેશબોધની આરાધનાથી ?
૮. નિશ્ચયબોધથી જીવને દુઃખ ટળે કે ઉપદેશબોધથી ?
૯. ૧૪ ગુણ સ્થાનકમાં જે ભાવ દશા બતાવી છે તે ઉપદેશબોધથી આવે કે નિશ્ચયબોધથી ?
૧૦. નિશ્ચયબોધ બધા આપી શકે કે ઉપદેશ બોધ બધા

**અનુસંધાન સામે પાના નં ૧૫ પર →**

**અનુસંધાન સામેનાં પાના નં ૧૪થી ચાલું**

ઉપદેશકો આપી શકે ?

૧૧. શાસ્ત્રોની જાણકારી ઉપદેશબોધકે રાખવી પડે કે નિશ્ચયબોધકે ?

૧૨. ઉપાધ્યાયજી કોને કહ્યાં છે ઉપદેશબોધ આપે તેને કે નિશ્ચયબોધ આપે તેને?

૧૩. અત્યારે જે જૈન સંપ્રદાયમાં પુસ્તકો લખાય છે તે ઉપદેશબોધનાં કે નિશ્ચયબોધનાં ?

૧૪. ઉપદેશબોધ મોક્ષ આપી શકે કે નહીં ?

૧૫. આત્માનુભવી મહાપુરૂષો, શ્રી કેવળી ભગવંતો અને શ્રી તીર્થંકર પરમાત્મા ઉપદેશબોધ આપે કે

**દેહને દેવનો દાસ બનાવીએ તો દેહ દેવપણે દીસે,**
**''પણ''**
**દેહને દેહનો દાસ બનાવીએ તો દેહ દાનવ થઈને દાઝે અને દઝાડે.**

નિશ્ચયબોધ આપે?

૧૬. ભરતક્ષેત્ર, મહાવિદેહ ક્ષેત્ર અને અન્ય ક્ષેત્રોમાં ઉપદેશબોધ એક સરખો છે કે નિશ્ચયબોધ એક સરખો છે ?

૧૭. શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને આપેલો લગભગ ૩૦ વર્ષ સુધીનો બોધ તે ઉપદેશબોધ કે નિશ્ચયબોધ ?

૧૮. જે બાળજીવો દિક્ષા અંગીકાર કરે છે તે ઉપદેશબોધ માટે કે નિશ્ચયબોધ માટે ?

૧૯. શ્રી ધર્માચાર્યોએ ઉપદેશબોધ આપવો જોઈએ કે નિશ્ચયબોધ ?

૨૦. કષાયોનો ક્ષય ઉપદેશબોધથી થાય કે નિશ્ચયબોધથી ?

૨૧. આત્મીક ગુણો ઉપદેશબોધથી પ્રગટે કે નિશ્ચયબોધથી ?

૨૨. આત્મીક સંસ્કારો ભવોભવ સાથે રહે તેવા ઉપદેશબોધથી પ્રાપ્ત થાય કે નિશ્ચયબોધથી ?

૨૩. બળવાન પુણ્યની પ્રાપ્તી ઉપદેશબોધથી થાય કે સહજતાથી નિશ્ચયબોધથી થાય?

૨૪. જીવ આત્મીક દ્રઢત્વથી ઉપદેશબોધ આરાધે કે નિશ્ચયબોધ આરાધે ?

૨૫. જીવોને અનુભવમાં ઉપદેશબોધ આવે કે નિશ્ચયબોધ આવે ?

૨૬. એક સરખું આરાધન જીવો ઉપદેશબોધનું કરે કે નિશ્ચયબોધનું ?

૨૭. શ્રી તીર્થંકર પરમાત્મામાં બળવાન શ્રધ્ધા ઉપદેશબોધથી આવે કે નિશ્ચયબોધથી ?

૨૮. સગવડતા પ્રમાણે જે કરાય તે ઉપદેશબોધ કે નિશ્ચયબોધ ?

૨૯. જીવ ધારણ કરે છે તે ઉપદેશબોધ કે નિશ્ચયબોધ ?

૩૦. શ્રી તીર્થંકર પરમાત્માએ મનુષ્યપણું મળે ત્યારે ઉપદેશબોધ આરાધવાની દેશના (આજ્ઞા) કરી કે નિશ્ચયબોધ આરાધવાની (આજ્ઞા) દેશના કરી ?

**જેને ભ્રમણમાંથી ભાગવું છે,**
**તેણે ભ્રમણા ભાંગવી પડે છે.**
**જેની ભ્રમણા ભાંગી,**
**તેનું ભ્રમણ ભાંગ્યું.**

૩૧. જ્ઞાનની વિરાધના ઉપદેશબોધ માટે કહી કે નિશ્ચયબોધ માટે કહી ?

૩૨. અજ્ઞાન ટાળવું એટલે ઉપદેશબોધ જાણવો કે નિશ્ચયબોધ જાણવો ?

૩૩. શ્રી નમસ્કાર મહામંત્રનાં ૩જા પદનાં અધિકારી એવા શ્રી આચાર્ય ભગવંતોને ઉપદેશબોધ આપવાની આજ્ઞા છે કે નિશ્ચયબોધ આપવાની આજ્ઞા છે ?

૩૪. ઉપદેશબોધ ધારણ કરે ત્યારે શ્રી આચાર્ય ભગવંત ગણાય કે નિશ્ચયબોધ ધારણ કરે ત્યારે ગણાય ?

૩૫. શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલા મોક્ષમાર્ગનાં ૯ તત્વો અને તેમાં મુખ્ય બે તત્વ જીવ-અજીવ



# શ્રી ભગવાન મહાવીર સ્વામી
## નું શાસન
## ચાર ગતિ એ સવાલ - પાંચમી ગતિ એ જવાબ

ઉપદેશબોધથી પ્રાપ્ત થાય કે નિશ્ચયબોધથી પ્રાપ્તી?

૩૬. પૂર્વમાં શ્રી ગણધર પરમાત્મા અને જ્ઞાની મહાપુરૂષોએ જે શાસ્ત્રો અને ગ્રંથો રચ્યા તે ઉપદેશબોધનાં કે નિશ્ચયબોધનાં ?

૩૭. ઉપદેશબોધ જગતમાંથી જીવને ગમે ત્યાંથી મળે કે નિશ્ચયબોધ ગમે ત્યાંથી મળે ?

૩૮. મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સિમંધર સ્વામી ભગવાનનાં સમવસરણમાં જવા માટે આત્મીક ગુણો અને કષાયોની મંદતાથી જવાય કે ખાલી પુણ્યથી ?

૩૯. જેમ અત્યારનાં ઘણા શ્રાવકોને પૂર્વનાં પુણ્યનાં સ્વરૂપે અર્થ અને માનેલા સુખનાં સાધનો પ્રાપ્ત થયા છે પણ ધર્મ ક્યાં પ્રાપ્ત થયો છે ? તો શા માટે નહીં ? (અધર્મમાં રાચે છે; ગુણોનાં અભાવે)

**૪૦. વર્તમાનમાં જે જીવો શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલો જ ધર્મ (નિશ્ચયબોધ) ગુણોનાં કારણે આરાધે છે કે પુણ્યનાં કારણે ?**

૪૧. જીવ ભાવે માર્ગાનુસારીપણું ઉપદેશબોધથી પ્રાપ્ત કરે કે નિશ્ચયબોધથી ?

૪૨. જીવને ભવ મર્યાદાનું સમકિત ઉપદેશબોધથી પ્રાપ્ત થાય કે નિશ્ચયબોધથી ?

૪૩. જીવને આત્માનો અનુભવ ઉપદેશબોધથી થાય કે નિશ્ચયબોધથી ?

**''માનમાં મુંઝાયો''**

**માન અને મોક્ષ મેળવવા જીવે બન્નેમાં મહેનત કરવી પડે છે, માન મેળવવા જીવે જીવનભર મહેનત કરી ''છતાં પણ'' અલ્પ માન ન પામ્યો. (મરણ પામ્યો)**

**તેનાં બદલે જીવે મોક્ષ માટે અડધી મહેનત કરી હોત તો મોક્ષ તો મળે જ સાથે માન સહજતાથી પ્રાપ્ત થાય છે. (ભવમરણ પામ્યો)**

૪૪. જીવને કેવળજ્ઞાન ઉપદેશબોધથી થાય કે નિશ્ચયબોધથી ?

૪૫. જીવને દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપની યથાર્થ આરાધના ઉપદેશબોધથી થાય કે નિશ્ચયબોધથી ?

૪૬. મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાન-મન:પર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન ઉપદેશબોધથી કે નિશ્ચયબોધથી ?

૪૭. અનંત ભવ ભ્રમણનું કારણ ઉપદેશબોધ કે નિશ્ચયબોધ ?

૪૮. અનંત દુ:ખોનું કારણ ઉપદેશ બોધ કે નિશ્ચયબોધ ?

૪૯. શ્રી નમસ્કાર મહામંત્રની ઉપકારી ભાવે આરાધના ઉપદેશબોધે કે નિશ્ચયબોધથી ?

૫૦. શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનની તથા શાસ્ત્રોની અને મોક્ષમાર્ગની આરાધનાં ઉપદેશબોધથી કે નિશ્ચયબોધથી ?

૫૧. આત્માનું કલ્યાણ ઉપદેશબોધથી કે નિશ્ચયબોધથી?

૫૨. શ્રી તીર્થંકર પરમાત્માનાં સમવસરણમાં પુણ્યનાં કારણે કે કષાયોની મંદતા અને ગુણોનાં યોગથી ?

૫૩. ઉપદેશબોધ અવિસ્મરણીય કે નિશ્ચયબોધ અવિસ્મરણીય ?

૫૪. જીવનમાં ગુરૂ નિવાર્ય કે અનિવાર્ય ?

૫૫. જીવનમાં ગુરૂ એક હોય કે અનેક હોય ? એકથી આત્મકલ્યાણ કે અનેકથી આત્મકલ્યાણ ?

૫૬. આત્માનું સ્વરૂપ ઉપદેશબોધમાં આવે કે નિશ્ચયબોધમાં ?

૫૭. આત્માનું ઉર્ધ્વગમન ઉપદેશબોધથી થાય કે નિશ્ચયબોધથી ?

૫૮. મોક્ષનું સ્વરૂપ ઉપદેશબોધથી કે નિશ્ચયબોધથી ?

૫૯. મિથ્યાત્વપણું ઉપદેશબોધથી ટળે કે નિશ્ચયબોધથી?

૬૦. આ ભવે, આવતા ભવે કે અનંત ભવ પછી આ ક્ષેત્રથી કે અન્ય ક્ષેત્રથી ઉપદેશબોધથી મોક્ષ પામવાનો છે કે

### ■ મિથ્યાત્વસાર ■

**મિથ્યાત્વીનો માર્ગ મિથ્યા,**
**મિથ્યાત્વીનો ધર્મ મિથ્યા,**
**મિથ્યાત્વીનું જ્ઞાન મિથ્યા,**
**મિથ્યાત્વીનાં ભાવ મિથ્યા,**
**મિથ્યાત્વીનાં વિચાર મિથ્યા,**
**મિથ્યાત્વીની સમજણ મિથ્યા,**
**મિથ્યાત્વીની વાણી મિથ્યા,**
**મિથ્યાત્વીનું લખાણ મિથ્યા,**
**મિથ્યાત્વીનો સ્વભાવ મિથ્યા,**
**મિથ્યાત્વીનું કાર્ય મિથ્યા,**
**મિથ્યાત્વીનું પરીણામ મિથ્યા,**
**મિથ્યાત્વીનું ફળ મિથ્યા,**
**મિથ્યાત્વીનું સઘળું મિથ્યા,**
**મિથ્યાત્વીની દ્રષ્ટિ મિથ્યા,**
**''મિથ્યાત્વનું-મિથ્યાત્વથી-મિથ્યાત્વપણું''**
**''મિથ્યાત્વ સહિતનો કોઈપણ દેવલોક નકામો, સમકિત સહિતની નરક સ્વિકાર્ય''**

નિશ્ચયબોધથી મોક્ષ મળવાનો છે ?

૬૧. જૈનકુળમાં જન્મ્યા પછી ઉપદેશબોધ ગ્રહણ કરવો જોઈએ કે નિશ્ચયબોધ ?

૬૨. જૈન ધર્મનું શ્રેષ્ઠપણું ઉપદેશબોધનાં કારણે કે નિશ્ચયબોધનાં કારણે ?

૬૩. જૈન સંપ્રદાયની સાધુ સંસ્થા સર્વ શ્રેષ્ઠ શા માટે ? ઉપદેશબોધની આરાધનાથી કે નિશ્ચયબોધની આરાધનાથી ?

૬૪. બાળજીવો પુણ્યલક્ષી ઉપદેશબોધથી બને કે નિશ્ચયબોધથી ?

૬૫. પૂર્વમાં થયેલા મહાન સાધુ-સાધ્વીજીઓ અને શ્રાવક-શ્રાવિકાઓનાં જે દ્રષ્ટાંતો આવે છે તે ઉપદેશબોધનાં આરાધકો હતાં કે નિશ્ચયબોધનાં ?

૬૬. સુદેવ-સુગુરૂ અને સુધર્મ કોને કહેવાય ? ઉપદેશબોધ આપે અને આરાધાવે તેને કે નિશ્ચયબોધ આપે અને આરાધાવે તેને ?

૬૭. ભવોભવ જૈનકુળ અને શ્રી તીર્થંકર પરમાત્માનો યોગ અને તેમનો ધર્મ પ્રાપ્ત કરવો હોય તો ઉપદેશબોધથી થાય કે નિશ્ચયબોધથી ?

શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલો ધર્મ ન માનવો, ન આપવો અને તેને બદલે અન્ય ધર્મ (ઉપદેશબોધ) આપવો તે પણ શ્રી તીર્થંકર પરમાત્માનાં (શાસ્ત્રોનાં) નામે, તે તો જ્ઞાનની મોટામાં મોટી વિરાધના કરી ગણાય. અને તેથી તો જીવ ડુબે અને અનેક જીવોને ડુબવાનું કારણ બને.

ઉપર વર્ણવેલા આત્મધર્મનાં સવાલોની બાળજીવોએ શ્રી ધર્માચાર્યો પાસેથી આદરપૂર્વક-નમ્રતાસહિત અને સત્યની ઝુરણાં રાખીને શ્રી પરમાત્માને હૃદયમાં સ્થાપીને સાચી સત્યતાંપૂર્વકની જાણકારી મેળવવી અને તેમની નિશ્રામાં આત્માનું કલ્યાણ થાય અને અલ્પ ભવોમાં મોક્ષ પ્રાપ્તીનું કારણ બને અને આ ભવનું મનુષ્યપણું અને જૈનકુળમાં જન્મ્યાનું સાર્થકપણું થાય તેવા ભાવ સાથે ધર્મનું આરાધવું અને મોક્ષમાર્ગનાં મહત્વનાં ગુણો અને સવાલોની વિશેષ વિચારણાં યોગે કરીને ભાવિ લેખાંકમાં કરશું.

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.